# વકીલ / કાયદા અધિકારી / ધારાશાસ્ત્રી (એડવોકેટ)

વકીલને કાયદાને લગતી બાબતોની પેરવી કરવા માટે રાજ્ય દ્વારા પ્રશિક્ષણ તેમજ પરવાનગી/લાઈસન્સ આપવામાં આવે છે. વકીલો લોકોને કાનૂની સલાહ અને પરામર્શ સેવાઓ આપે છે, તપાસ કરે છે તેમજ કેસ સંબંધી માહિતી અથવા પુરાવા એકત્ર કરે છે. તેઓ વસિયત, છૂટાછેડા, કાયદાકિય કરાર, જમીન-મકાનને લગતા વ્યવહારો વગેરે સંબંધિત કાનૂની દસ્તાવેજો તૈયાર કરે છે. તેઓ વિવાદોમાં મધ્યસ્થી પણ કરે છે અને કોર્ટમાં આરોપીઓ સામે કાયદાકિય કાર્યવાહી કરે છે અથવા બચાવ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમને યોગ્ય હેતુ માટે બોલવાનું ગમે છે
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૨,૦૦૦ થી ૭,૫૬,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પાંચ વર્ષના સંકલિત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે કોમન લો એડમિશન ટેસ્ટ (CLAT) અથવા ઓલ ઈન્ડિયા લો એન્ટ્રન્સ ટેસ્ટ (AILET) અથવા લો સ્કૂલ એડમિશન ટેસ્ટ (LSAT) (એલ.એસ.એ.ટી.)માં યોગ્યતા પ્રાપ્ત કરો.

અથવા

કાયદામાં સ્નાતક (LLB)ની ડિગ્રી મેળવો.

અથવા

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી (LLM) મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વકીલનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૨,૦૦૦ થી ૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3YIvYm6

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કાનૂની સંસ્થાઓ, લો સ્કૂલ અને કોલેજો, સરકારી એજન્સીઓ. તમામ સંસ્થાઓ જેમ કે મીડિયા હાઉસ, પોલિટિકલ કન્સલ્ટન્સી, ફાર્માસ્યુટિકલ્સ, આઇ.ટી. કંપનીઓ વગેરે કાયદાકીય બાબતોમાં સલાહ આપવા માટે વકીલોની નિયુક્તિ કરે છે.

**ઉદ્યોગ સાહસિકતા:** થોડા વર્ષોનો અનુભવ મેળવ્યા પછી તમે તમારી પોતાનો કાનૂની સલાહકાર તરીકેનો સ્વતંત્ર વ્યવસાય, પેઢી સ્થાપી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં બેસીને કામ કરશો, પરંતુ તમે મીટીંગ અથવા અદાલતની કાર્યવાહી માટે ઘણીવાર મુસાફરી પણ કરશો. સામાન્ય રીતે ઘરેથી કામ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ નથી. તમે કોર્ટના કામકાજના સમયથી વધુ સમય કામ કરવાની અપેક્ષા રાખી શકો છો, જે સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૭ થી ૮ કલાક હોય છે. કોર્ટ મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.
**આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.**

## અપેક્ષિત પ્રગતિ પથ

લૉ ઈન્ટર્ન → એડવોકેટ → વરિષ્ઠ વકીલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લોયર, એડવોકેટ, લીગલ કાઉન્સેલ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી, બેંગ્લોર
૨. નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી
૩. એનએફએસયુ, ગાંધીનગર
૪. નેશનલ લો યુનિવર્સિટી, હૈદરાબાદ
૫. એમએસયુ, વડોદરા
૬. જામિયા મિલિયા ઈસ્લામિયા, દિલ્હી
૭. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર
૮. ગવર્મેન્ટ લૉ કૉલેજ, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ
૨. આર્મી ઇન્સ્ટિટ્યુટ ઓફ લો, મોહાલી
૩. સ્કૂલ ઓફ લો, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઑફ લૉ, ભુવનેશ્વર
૫. સી યુ શાહ કૉલેજ ઓફ લૉ, સુરેન્દ્રનગર
૬. જિંદાલ ગ્લોબલ લો સ્કૂલ, સોનીપત
૭. સ્કૂલ ઑફ લૉ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ અને યુનિવર્સિટી સ્ટડીઝ, દેહરાદૂન
૮. આઇ.સી.એફ.એ.આઈ. લો સ્કૂલ, હૈદરાબાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વૃંદા ગ્રોવર** એક વકીલ, સંશોધક અને માનવાધિકાર કાર્યકર્તા છે. તેણીએ દિલ્હી યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી અને ન્યુયોર્ક યુનિવર્સિટીમાંથી કાયદામાં અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે. તેણીએ ઘરેલુ હિંસાનાં અનેક કેસો લડ્યા છે અને પોક્સો (જાતીય ગુનાઓ સામે બાળકોનું રક્ષણ) અધિનિયમ ૨૦૧૨, ૨૦૧૩નો ફોજદારી કાયદામાં સુધારો અને પ્રિવેન્શન ઓફ ટોર્ચર બિલ ૨૦૧૦નો મુસદ્દો તૈયાર કરવામાં પણ સામેલ હતા. તદ્ઉપરાંત, તે એવા વકીલો પૈકીની એક છે જે અસંખ્ય સીમાચિહ્નરૂપ માનવ અધિકારના કેસો લડવામાં સામેલ રહ્યા છે.*

સ્ત્રોત: https://shop.hofindia.com/ mann-singh-collection-2

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.